**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૭ ટકા

# શહેરમાં આજથી બાપ્પાની સવારી

## સેકટર-૨૨, ૨-સી, ૩-ડી, બ્રહ્મભવન, ભુવનેશ્વર મંદિર, જીઈબી કોલોની, કુડાસણ, સરગાસણ ખાતે ગણેશોત્સવની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર બાઅદબ હોંશિયાર ગણપતિ બાપ્પાની સવારથી આજથી શહેરમાં આવી રહી છે. વિધ્નહર્તા ગણપતિ દાદાનું સ્થાપન શહેરમાં ઘરે ઘરે ભાવપૂર્વક સાર્વજનિક ગણેશોત્સવ મર્યાદિત સ્થળોએ ઉજવાશે વિશેષ કરીને પરંપરાગત ઉજવાતો સે-૨૨ ખાતેનો સાર્જવનિક ગણેશ મહોત્સવ શ્રીજીની સ્થાપના બાદ સાત દિવસ ઓનલાઈન કાર્યક્રમ થકી ઉજવાશે. સંગીતનો કાર્યક્રમ યોજાનાર છે. જયારે સે-૨-સી ખાતે છેલ્લા દોઢ દાયકાથી યોજાતો ગણપતિ મહોત્સવ સરકારની ગાઈડલાઈન મુજબ ૪૦૦ ભાવિકોની હાજરીમાં સાત દિવસના કાર્યક્રમો થકી યોજાશે. એ ગાઈડલાઈન મુજબ યોજાશે. આ ઉપરાંત ભુવનેશ્વર મંદિર, સે-૩-ડી, જીઈબી કોલોની અને કુડાસણ, સરગાસણ ખાતે પણ નાના નાના પંડાલોમાં ગણેશોત્સવ ઉલ્લાસપૂર્વક યોજાશે. આમ ગાંધીનગર શહેર નાતજાતના ભેદભાવ વગર દૂંદાળા દેવની આરાધના કરશે અને આવનારા દિવસોમાં સામાજિક કે આરોગ્યમાં કોઈ વિધ્ન આવે નહીં એવી વંદના વ્યકિતગત અને સામૂહિક રીતે કરાશે.

સેકટર-૩-ડીમાં ગણેશોત્સવ નમિત્તે તારીખ ૧૦ થી ૧૬ સુધી નવરાત્રી ચોકમાં ગણેશ મહોત્સવનું આયોજન છે. આ પ્રસંગે સવાર સાંજ આરતીનું આયોજન કરેલ છે. શોભાયાત્રામાં કોરોનાના કારણે ફકત યુવક મિત્ર મંડળના સભ્યોએ જોડાવવાનું રહેશે. જે ભાવિ ભકતોને પ્રસાદ આપવાની ઈચ્છા હોય તેઓએ મીનીમમ ૨૫૦ નંગ નાના પેકીંગમાં લાવવાના રહેશે. આ વર્ષે ફકત ૨ ટાઈમ આરતી જ રાખેલ છે. અન્ય કોઈ પણ કાર્યક્રમ રાખેલ નથી. જેની સર્વે વસાહતીઓએ નોંધ લેવી તથા કોરોનાના કારણે આ વર્ષે ફાળો ઉઘરાવવામાં આવ્યો નથી. જે ભાઈઓ-બહેનોએ ફાળો લખાવવાની ઈચ્છા હોય તેઓએ આરતીના સમયે લખાવવા જણાવેલ છે. આ વર્ષે આરતી ફકત યુવક મિત્ર મંડળના ૫-૫ સભ્યો જ ઉતારશે.

સે-૨-સી ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ ધામધૂમથી ઉજવવામાં આવશે. તારીખ ૧૦ થી ૧૭ સુધી ગણેશજીની આરાધના કરવામાં આવશે. સોશિયલ ડિસ્ટન્સ માટે ગણેશજીના પંડાલ ફરતે ગોળ રાઉન્ડ કરવામાં આવશે. ભકતોને સેનેટાઈઝર આપ્યા બાદ ગણેશજીના દર્શન કરવા દેવામાં આવશે.

શહેરમાં ગણેશોત્સવની ઉજવણી મરાઠી પરિવાર સિવાય બિન મરાઠી પરિવારો પણ ધામધૂમથી કરે છે. શહેરીજનો ગણેશજીની મૂર્તિની સ્થાપનાથી લઈ વિસર્જન સુધી ખૂબ જ ઉત્સાહપૂર્વક આ તહેવાર ઉજવે છે. ગણેશજીની અવનવી ડીઝાઈનવાળી મૂર્તિઓ રંગરોગાન અને લાઈટથી સુશોભિત રસ્તાઓના કારણે આકર્ષણનું કેન્દ્ર બની છે.

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ગણેશ પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં શુક્રવારે ૧૦ વાગે પૂજા આરતી પ્રસાદ સે-૨૩ દ્વારા કરવામાં આવશે. શનિવારે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા પૂજા વિધિ કરવામાં આવશે. રવિવારે મહિલા પાંખ દ્વારા પૂજા વિધિ થશે. સોમવારે શ્રી બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા પૂજા વિધિ થશે અને મંગળવારે યુવા પાંખ દ્વારા સવારે આરતી અને પ્રસાદ તેમજ વિસર્જન થશે.

થશે. પર્યાવરણની સમતુલા જાળવવા હવે જાગૃત નાગરિકો ઈકો ફ્રેન્ડલી મૂર્તિ ખરીદી બાપ્પાનું સ્થાપન કરશે. જેમાં સોલો ડાન્સ, ચિત્ર સ્પર્ધા, ઓનલાઈન હાઉસી, ઓનલાઈન સિંગિગ કોમ્પિટીશન અને ગીત જ રીતે બ્રહ્મભવન ખાતે પણ પાંચ દિવસ પૂજન, અર્ચન, દર્શન સહિતના કાર્યક્રમો કોરોના





## આજે સે-૨૨ રંગમંચ ખાતે વિજય મુહુર્તમાં શ્રીજીની સ્થાપના કરાશે

ગાંધીનગર, તા.૯



ગાંધીનગરના સેક્ટર-૨૨માં છેલ્લાં ૫૧ વર્ષથી ઉજવાતા શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવનો આવતીકાલે તા.૧૦મી સપ્ટેમ્બર શુક્રવારના રોજ ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે સેક્ટર-૨૨ના રંગમંચ પર સંપુર્ણ શાસ્ત્રોક્ત વિધીપૂર્વક બપોરે ૧૨.૩૯ના વિજય મુહુર્તમાં વિધ્નહર્તાની સ્થાપના સાથે શુભારંભ કરાશે, ત્યારબાદ દરરોજ સવારે ૮ થી ૧૦ અને સાંજે ૬ થી ૮ દરમ્યાન કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન સાથે શ્રધ્ધાળુઓ શ્રીજીના દર્શન કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે સાર્વજનિક ગણેશ મહોત્સવમાં સ્પર્ધાઓનું આયોજન ઓનલાઈન કરવામાં આવ્યું છે.

શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિના અધ્યક્ષ નિશીત વ્યાસે આજે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેર અને ભાવિક, ધર્મપ્રેમી જનતા પર ગણપતિ દાદાની કૃપાદૃષ્ટિ રહે અને સર્વના કલ્યાણ હેતુ આરોગ્ય, ઐશ્વર્ય, જનસુખાકારી સાથે કોરોનાથી મુક્તિ અને દેશભરમાં સારા વરસાદની અભ્યર્થના અંગે શ્રીજીને પ્રાર્થના કરવામાં આવશે. સાંપ્રત પરિસ્થિતિમાં સમિતિ દ્વારા તમામ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સોલો ડાન્સ, સિંગિગ, હાઉસી વગેરેનો સમાવેશ થાય છે જેને શહેરીજનો દ્વારા પ્રોત્સાહક પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે.

## સોમવતી અમાસે ઉદ્‌ગમ ટ્રસ્ટે જરૂરિયાતમંદોને ભોજન પીરસ્યું



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસ સોમવતી અમાસે શહેરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોને તથા વંચિત સમુદાયના પરિવારોને ચણા-પુરી, ચુરમાના લાડુ અને ફુલવડીનું ભોજન વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરના અલગ અલગ વિસ્તારની ઝુંપડપટ્ટીમાં ગુપ્ત દાતાના સહયોગથી આ સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું જેમાં સંસ્થાના ડૉ. મયુર જોષી અને મનોજ જોષી જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ઉદગમ ટ્રસ્ટ દ્વારા હાલ શ્રમિક જરૂરિયાતમંદ પરિવારના નવજાત શિશુઓ માટે ''પ્રોજેક્ટ ગોદડી'' પણ હાથ ધરવામાં આવ્યો છે.

## આજે સે-૨૨ જૈન મંદિરે સંવત્સરીનું પર્વ ભાવપૂર્વક ઉજવાશે

### રાષ્ટ્રસંત પૂ.પદ્મસાગરજી મહારાજના સાનિધ્યમાં સામુહિક પ્રતિક્રમણ અને ક્ષમાપના સાથે પર્યુષણ મહાપર્વનું સમાપન થશે : આવતીકાલે તપસ્વીઓના સામુહિક પારણાં અને રવિવારે શોભાયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૯

આવતીકાલ તા.૧૦મી સપ્ટેમ્બર શુક્રવારે સે.૨૨ના જૈન દેરાસર ખાતે સંવત્સરીનું પર્વ ઉજવાશે જેમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન રાષ્ટ્રસંત પૂ.પદ્મસાગરજી મહારાજના સાનિધ્યમાં બારસા સૂત્ર વાંચન, ફોટા દર્શન, દહેરાસરજીમાં પ્રભુદર્શન ચૈત્યવંદન જેવા ધાર્મિક કાર્યક્રમો સાથે સામુહિક પ્રતિક્રમણ અને ક્ષમાપના યોજાશે. આ સાથે મૂર્તિપૂજક શ્વેતાંબર જૈનોના મહાપર્વ પર્યુષણનું સમાપન થશે અને સૌ કોઈ એકબીજાને મિચ્છામિ્ દુક્કડમ્ પાઠવશે.

સે.૨૨માં શ્રી ગાંધીનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન જૈન દેરાસર ખાતે રાષ્ટ્રસંત પૂ.પદ્મસાગરજી મહારાજના સાનિધ્યમાં પર્યુષણ કર્તવ્ય તથા વધામણાં, અષ્ટાન્હિકા પ્રવચન, કલ્પસૂત્ર વાંચન, મહાવીર સ્વામી જન્મ વાંચન, ચૌદ સ્વરૂપના દર્શન, અષ્ટમંગલ તથા કલ્પવૃક્ષના દર્શન, સંઘ જમણ, ગણધરવાદ પ્રવચન, સ્થવિરાવલી વાંચન વગેરેનું આયોજન કરાયું હતું. આ સાથે પર્યુષણ દરમ્યાન દિવ્યાંગ સહાય વિતરણ જેવા સામાજિક સેવાકીય કાર્યક્રમો પણ યોજવામાં આવ્યાં હતા. શુક્રવારે સંવત્સરી નિમિત્તે સવારે ૮.૪૫ કલાકે બારસાસુત્ર વાંચન શરૂ થશે ત્યારબાદ પ્રભુદર્શન ચૈત્યવંદન યોજાશે અને બપોરે ૨.૪૫ કલાકથી સંવત્સરી પ્રતિક્રમણનો પ્રારંભ થશે જેના સમાપને સામુહિક ક્ષમાપના યોજાશે. શનિવારે જૈન સંઘના આંગણે તપસ્વીઓના સામુહિક પારણાં તેમજ રવિવારે તપ અનુમોદનાની શોભાયાત્રા અને સંઘ સ્વામિવાત્સલ્ય વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

### ફરજિયાત સામુહિક પારણાં જ કરવા પૂ.પદ્મસાગરજી મ.સા.નો આદેશ

ગાંધીનગરમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે રાષ્ટ્ર સંત તરીકે ઓળખ ધરાવતા કોબા મહાવીર તિર્થના સંકલ્પદ્રષ્ટા આચાર્ય પૂ.પદ્મસાગરજી મહારાજ સાહેબ બિરાજમાન છે જેઓ તેમની સમયોચિત નિર્ણયશક્તિ માટે જાણીતા છે. સાંપ્રત સમયમાં પ્રવર્તમાન કોરોના મહામારીના પગલે તેમણે ગાંધીનગરના જૈન સંઘના તપસ્વીઓને વ્યક્તિગત ધોરણે પોતાના ઘરે પારણાંના આયોજન કરીને ભીડ કરવાનું ટાળવા અને માત્ર સે.૨૨માં જૈન મંદિરે યોજાનાર સામુહિક પારણાંમાં જ ફરજિયાત પારણાં કરવા આદેશ કર્યો છે. સામુહિક પારણાંમાં પણ કોવિડ-૧૯ની ગાઈડ લાઈનના પાલન સાથે તેમણે મર્યાદિત સંખ્યામાં જ ભાવિકોને ટિકીટ આધારિત પ્રવેશ આપવાનું પણ સુનિશ્ચિત કરાવ્યું છે.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગણેશોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા.૯

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો માટે ઈકો ફ્રેન્ડલી ગણેશ બનાવવા માટેનો વર્કશોપ યોજાયો હતો. જેમાં બાળકોએ સુંદર મજાના ગણેશજી બનાવ્યા હતા. સિધ્ધિ વિનાયક મંદિરથી બાળકોને લાઈવ પૂજા અર્ચના તથા આરતી કરાવવામાં આવ્યા હતા. નાના બાળકોએ મૂષક ડાન્સ કરી ગણેશજીને તથા બધાને ખુશ કરી દીધા હતા તથા લેઝીમ ડાન્સ સાથે ગણેશોત્સવની ઉજવણી કરી હતી.

## આજે દુંદાળા દેવની સ્થાપના સાથે 'આપ' પ્રચારના દુદુંભિ વગાડશે

મતદારોની ધાર્મિક આસ્થાને ચુંટણી દરમ્યાન પોષીને આકર્ષવા પ્રયાસ કરાવાનો પ્રયાસ દરેક રાજકીય પાર્ટી કોઈને કોઈ રીતે અજમાવતી હોય છે. હાલ ધાર્મિક ઉત્સવોના માહોલમાં ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓના દુદુંભિ વાગ્યા છે ત્યારે શહેરમાં પહેલીવાર ચુંટણીમાં ઝંપલાવી રહેલી આમ આદમી પાર્ટી ગાંધીનગરમાં આવતીકાલે ગણેશ ચતુર્થીના દિવસે તમામ વોર્ડમાં ગણપતિ બાપાની સ્થાપના કરી મનપાની ફરી જાહેર થયેલી ચૂંટણીમાં પ્રચાર અભિયાનનો આરંભ કરવાનો નિર્ણય કર્યો છે. આમ તો આમ આદમી પાર્ટી પહેલીવાર મનપાની ચુંટણીઓ જાહેર થઈ ત્યારથી અત્યાર સુધી સક્રિય રહી છે પરંતુ આવતી કાલે તા. ૧૦મી સપ્ટેમ્બર શુક્રવારના રોજ વિધિવત રીતે ગાંધીનગર મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં આવતા તમામ ૧૧ વોર્ડમાં દુંદાળા દેવ ગણપતિ બાપાની સ્થાપના કરી કોવિડ-૧૯ અને આચાર સંહિતાની એસઓપીના નિયમ પાલન સાથે ચૂંટણી પ્રચારનો આરંભ કરશે.

## બોરીજ ગામ અને નવા પરામાં આજથી પાંચ દિવસ અણુજા પળાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ગામ-બોરીજ તથા બોરીજ નવા પરા ખાતે વિક્રમ સંવત ૨૦૭૭ના ભાદરવા સુદ ચોથને શુક્રવાર તા. ૧૦-૯-૨૦૨૧થી ભાદરવા સુદ આઠમને મંગળવાર તા. ૧૪-૯-૨૦૨૧ સુધી બળિયાદેવ મહારાજના પાંચ દિવસના અણુજા પડશે, જેની સમસ્ત બોરીજ ગ્રામજનોએ નોંધ લેવા પૂર્વ કાઉન્સીલર લલીતાબેન ઠાકોરે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'ઊર્ધ્વલોક'ના વકતવ્યનું આયોજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા વાર્તાકાર કલ્પેશ પટેલનું 'ઊર્ધ્વલોક' વિશે વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક સરદાર પટેલ સ્કૂલ કડી કેમ્પસ સેકટર-૭ ખાતે રવિવારના રોજ સાંજે પાંચ વાગ્યે પ્રત્યક્ષમાં આયોજિત કરવામાં આવી છે. આ બેઠકમાં કવિ કિશોર જીકાદરા, સાહિત્યસભાના પૂર્વ અધ્યક્ષ નટવર હેડાઉ, કવિ ધ્વનિલ પારેખ, બાલ લેખિકા કીર્તીદા બ્રહ્મભટ્ટ અનો ડૉ. અનિલ ચૌહાણનું જાહેર સન્માન કરવામાં આવશે તેમ ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે જણાવ્યું હતું. ગાંધીનગર સાહિત્યસભાના સૌ સભ્યો અને સાહિત્ય પ્રેમીઓને કવિ પ્રતાપસિંહ ડાભી દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## વી.એમ. પટેલ અને એચ.વી. પટેલમાં ગણેશોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા.૯

વી.એમ. પટેલ કુમાર અને એચ.વી. પટેલ કન્યા બાલમંદિરમા ઓનલાઈન ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. નાના બાળકોએ ઓનલાઈન શિક્ષક મિત્રોના માર્ગદર્શન હેઠળ પીપળાના પાન, લોટ, કલે અને માટીમાંથી ગણપતિ કેવી રીતે બને તે ઓનલાઈન બાળકોને શીખવ્યું હતું બાળકોએ સુંદર મજાના ગણપતિબાપા બનાવ્યા હતા.

ગાંધીનગરના એર ઓફિસર કમાન્ડિંગ તરીકે એર કોમોડોર સંજય વૈષ્ણવીએ કાર્યભાર સંભાળ્યો છે. તેમણે એર કોમોડોર દેશપાલ સિંહ પાસેથી આ કાર્યભાર સંભાળ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ નિયુક્તિ પૂર્વે તેઓ ગુજરાત એનસીસી નિર્દેશાલય ખાતે કામગીરી સંભાળી રહ્યાં હતા.



## ગણપતિદાદાના ભવ્ય સ્વાગતમાં મેઘરાજાની સાર્વત્રિક મહેર

### દુંદાળા દેવની આજે રંગેચંગે સ્થાપના, પૂજા-અર્ચના, આરતી, પ્રસાદ અને ધાર્મિક પ્રસંગો આયોજીત થશે : ભકતોમાં અનેરો ઉત્સાહ

ગાંધીનગર, તા.૯

ભાદરવા સુદ ચોથને ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે એટલે કે આજે રિધ્ધિ-સિધ્ધીના દાતા ગજાનન ગણપતિદાદાનું સર્વત્ર સ્થાપન કરવામાં આવશે. ગણપતિદાદાના આગમન પહેલાં જ મેઘરાજા ખુશીથી ઝુમી ઉઠયા છે અને સાર્વત્રિક વરસાદી મહેર કરી દેવનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. કોરોના મહામારીથી ગત વર્ષે દુંદાળા દેવના આ પ્રસંગને ઉજવવામાં આવ્યો નહોતો જયારે આ વર્ષે આ પ્રસંગ ધામધુમથી ઉજવવા ગણેશ ભકતોએ તૈયારીઓ પુરી કરી દીધી છે.

ગુરુવારના રોજ ગણપતિદાદાની મૂર્તિઓ સ્થાપિત સ્થળોએ આગમન કરી ચુકી છે અને શુક્રવારના રોજ સવારે ૮ થી ૧૧ દરમિયાનના ઉત્તમ મુહુર્તમાં દુંદાળા દેવની વિધિ વિધાન અને મંત્રોચ્ચાર સાથે સ્થાપન કરવામાં આવશે. ગુરુવારના રોજ મેઘરાજા પણ જાણે રાજીરાજી થઈ ગયા હોય તેમ મન મુકીને સર્વત્ર મહેર કરી વિધ્નહર્તાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્રણ, પાંચ, સાત અન દશ દિવસ સધી વક્રતુંડાય દેવનું પૂજન અર્ચન, આરતી, પ્રસાદ અને ધાર્મિક પ્રસંગો આયોજીત થશે અને શ્રધ્ધા સાથે અનંત ચતુર્થીના દિવસે સમાપન સાથે ગજાનન ગણપતિ દાદાને ભાવભેર વિસર્જન સાથે વિદાય અપાશે. સરકારશ્રીની કોરોના ગાઈડલાઈન મુજબ આ વર્ષે રાજયભરમાં ગણેશ ભકતો રંગેચંગે ધામધુમપૂર્વક ગણેશ મહોત્સવ ઉજવશે.



## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પ્રજાપતિ સતીષભાઈ મોહનભાઈ,** ઉ.વ. ૪૦, પેથાપુર
- **સ્વ. ઠાકોર સમુબેન મણાજી,** ઉ.વ. ૮૨, રતનપુર
- **સ્વ. પટેલ પ્રહલાદભાઈ ઓધારભાઈ,** ઉ.વ. ૭૪, સેકટર-૨૫
- **સ્વ. પ્રજાપતિ શાંતાબેન ગાભાભાઈ,** ઉ.વ. ૮૧, સોનીપુર
- **સ્વ. પાટીલ સાકસી એસ.,** ઉ.વ. ૧૫, વાવોલ
- **સ્વ. રાવલ પંકજભાઈ જયશંકર,** ઉ.વ. ૬૦, હિંમતનગર
- **સ્વ. શાહ ચંપાબેન અમૃતલાલ,** ઉ.વ. ૯૫, સેકટર-૮

## જન્મદિને વધામણી



**અતુલ અમીન**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૭૮૯ ૭૨૬૫૦



**વિરેન કે પ્રજાપતિ**
મો. ૭૯૯૦૯ ૫૪૧૪૯



**હાર્દિક પ્રકાશભાઈ નાયી**
મો. ૭૯૮૪૨ ૬૨૧૮૯



**તરંગ જિતેન્દ્ર પરમાર**



**પૂજન સી ગોસ્વામી**
મો. ૬૩૭૫૦ ૨૮૭૯૯



**દિપકભાઈ દવે**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**યશ એમ પટેલ**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**ઉજ્જવલ દરજી**
મો. ૭૨૮૪૦ ૧૨૯૬૦